ગાંધીનગર સમાચાર

# નરેન્દ્ર મોદીને પીએમ પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા હિલચાલ



નવી દિલ્હી,તા. ૭

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદીને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા આડેની અડચણો દૂર થઈ ગઈ હોવાનું જાણવા મળી ગયું છે. મોદીના ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવા માટેનો તખ્તો ગોઠવાઈ ચૂક્યો છે. મોદીને આગામી સપ્તાહમાં જ ભાજપના પીએમ પદના ઉમેદવાર તરીકે જાહેર કરાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આરએસએસના વડા મોહન ભાગવતને એમ કહીને ચર્ચાનો અંત આણી લીધો છે કે તેઓ આગામી સપ્તાહ સુધી જાહેરાત કરવા માટે તૈયાર છે. ખૂબ જ નજીકના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે રાજનાથસિંહે મોદના મામલે સર્વસંમતિ સાધવાના હેતુસર હજુ સુધી જાહેરાત કરી નથી. કેટલાક સિનિયન નેતાઓ હજુ પણ વાંધો ઉઠાવી રહ્યા છે તેને લઈને હજુ મહત્વની માહિતી મળી શકી નથી. રાજનાથસિંહે ભાગવત સમક્ષ એવી તૈયારી દર્શાવી છે. આ ઉપરાંત ભૂતપૂર્વ પક્ષપ્રમુખ મોરલીમનોહર જોષીને પણ આ અંગે કોઈ વાંધો નહીં હોવાનું જાણવા મળી રહ્યું છે. ભાજપ પ્રમુખ અને આરએસએસ લીડરશીપે નરેન્દ્ર મોદીના મામલે સસ્પેન્સનો અંત લાવવાનો નિર્ણય કરી લીધો છે. સૂત્રોના જણાવ્યા મુજબ પક્ષના બે વરિષ્ઠ નેતાઓ એલ કે અડવાણી અને વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ હાલના તબક્કે મોદીની જાહેરાતને લઈને વાંધો ઉઠાવી રહ્યા છે જેના લીધે રાજનાથસિંહ પણ ખચકાટ અનુભવ કરી રહ્યા છે. આરએસએસ લીડરશીપે એવો નિર્ણય કર્યો છે કે સસ્પેન્સનો વહેલી તકે અંત આવે તે જરૂરી છે. મહત્વપૂર્ણ જાહેરાતને લઈને રાજકીય ગરમી તીવ્ર બની ગઈ છે. આરએસએસના નંબર ૨ સુરેશ ભૈયાજી જોષી વહેલી તકે જાહેરાત કરવા માટે દબાણ લાવવાના હેતુસર રાજનાથસિંહની સાથે અડવાણી અને સુષ્મા સ્વરાજને મળ્યા હતા.

ત્યારબાદ ભાગવત અને અડવાણી વચ્ચે પણ મહત્વની બેઠક યોજાઈ હતી. આ ઉપરાંત રાજનાથસિંહ તેમના પૂર્વગામી નીતિન ગડકરીની મદદ પણ લઈ રહ્યા છે. બે દિવસીય સંઘ પરિવારની મહત્વની બેઠક હવે શરૂ થવા જઈ રહી છે. જેમાં મહત્વપૂર્ણ જાહેરાત થવાની શક્યતા દેખાઈ રહી છે. ભાજપના મોટાભાગના સંસદીય બોર્ડના સભ્યો મોદીની સાથે દેખાઈ રહ્યા છે.

## કેદારનાથ ખીણમાં વધુ ૬૮ના મૃતદેહો મળી આવતા ચકચાર

દહેરાદૂન,તા. ૭

ઉત્તરાખંડમાં કુદરતી હોનારત બાદ હજુ પણ મૃતદેહો હાથ લાગી રહ્યા છે. આ સપ્તાહમાં ૬૪ મૃતદેહો હાથ લાગ્યા હોવાની અને ગુરુવારના દિવસે તેમના સામુહિક અંતિમ સંસ્કાર કરવાની સરકારે જાહેરાત કર્યા બાદ ઉત્તરાખંડ પોલીસ ટીમને રાજ્યના પૂરગ્રસ્ત કેદારનાથ ખીણમાંથી વધુ ૬૮ના મૃતદેહ મળી આવ્યા છે. તમામ મૃતદેહ શ્રદ્ધાળુઓના હોવાનું જાણવા મળી રહ્યું છે. જૂન મહિનામાં ઉત્તરાખંડમાં હિમાલિયન સુનામીના કારણે લાખો લોકોને માઠી અસર થઈ હતી. હજારો લોકોના મોત થઈ ગયા હતા. હજારો લોકો લાપત્તા થયેલા હતા. સરકારે બે દિવસ પહેલાં જ ૬૪ મૃતદેહો કેદારનાથ ખીણમાંથી મળી આવ્યા હોવાની વાત કરી હતી. આ તમામના મોડેતી અંતિમ સંસ્કાર કરાયા હતા. હવે ઉત્તરાખંડમાં વિનાશકારી પૂરથી નુકસાન પામેલા કેદારનાથ ખીણ વિસ્તારમાંથી વધુ ૬૮ના મૃતદેહ મળી આવ્યા છે. અધિકારીઓએ કહ્યું છે કે આ તમામ મૃતદેહ રામબાડા, ગૌરીગાવ, ભીમાલી અને જંગલ છટ્ટી વિસ્તારમાંથી મળી આવ્યા છે. આની સાથે જ ૧૭મી જૂન બાદથી કેદારનાથમાંથી વિકૃત હાલતમાં મળી આવેલા મૃતદેહની સંખ્યા ૪૨૯ ઉપર પહોંચી ગઈ છે. કાયદો અને વ્યવસ્થાના આઈજી આર એસ વીણાએ માહિતી આપતા કહ્યું છે કે આ મૃતદેહોની એકંદરે સ્થિતિ જોતા લાગે છે કે આ તમામ શ્રદ્ધાળુઓ હતા. કુદરતી હોનારત વેળા ભયભીત થઈને આ લોકો ઊંચાણવાળા વિસ્તારોમાં પહોંચી ગયા હતા. ભૂખમરા, પાણીની તરસ અને તીવ્ર ઠંડીની સ્થિતિના કારણે તેમના મોત થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ધાર્મિક વિધિ સાથે અંતિમ સંસ્કારના પ્રયાસો હાથ ધરાયા છે. તેમણે એમ પણ કહ્યું છે કે ૧૧મી સપ્ટેમ્બરના દિવસે કેદારનાથમાં પૂજાની ફરી શરૂઆત થાય તે પહેલાં તમામ લાપત્તા મૃતદેહને શોધી કાઢવા માટે વધુ પ્રયાસો હાથ ધરાયા છે.

## રાહુલ ગાંધી વડાપ્રધાન પદ માટે આદર્શ પસંદગી હશે : સિંહ

નવી દિલ્હી, તા.૦૭

જી-૨૦ની શિખર બેઠકમાં હાજરી આપ્યા બાદ ભારત માટે રવાના થયા ત્યારે ખાસ વિમાનમાં પત્રકારો સાથેની વાતચીતમાં વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યું હતું કે, રાહુલ ગાંધી એક આદર્શ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ કામ કરવાની તેમને ખૂબ ખુશી થશે. સિંહે ભાર પૂર્વક કહ્યું હતું કે, કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી આગામી લોકસભાની ચુંટણી બાદ પીએમ પદ માટે એક આદર્શ પસંદગી તરીકે રહેશે. રશિયન શહેર સેન્ટપિટર્સબર્ગમાં જી-૨૦ની શિખર બેઠકમાં હાજરી આપ્યા બાદ સ્વદેશ પરત ફરતી વેળા ખાસ એરઈન્ડીયાના વિમાનમાં તેમની સાથે રહેલા પત્રકારો સાથે વાતચીત કરતાં વડાપ્રધાને કહ્યું હતું કે, તેઓ



પહેલાં પણ કહી ચુક્યા છે કે, રાહુલ ગાંધી વર્ષ ૨૦૧૪ની લોકસભા ચુંટણી બાદ પીએમ પદ માટે આદર્શ પસંદગી તરીકે રહેશે. ત્રીજી અવધી માટે તેઓ વડાપ્રધાન બનશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ૮૦ વર્ષીય સિંહે આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસમાં ઘણાં નેતાઓ પક્ષનું નેતૃત્વ રાહુલ કરે તેવી ઈચ્છા રાખે છે. સિંહે અલગ પડેલા સાથી પક્ષ તૃણમુલ કોંગ્રેસ સાથે કોઈ જોડાણની શક્યતા નકારી ન હતી. તેમણે કહ્યું હતું કે, રાજકારણમાં કોઈપણ પાર્ટી હંમેશ માટે દુશ્મન અથવા મિત્ર રહેતી નથી. કોંગ્રેસ આગામી સંસદિય ચુંટણી માટે સાથી પક્ષો સાથે વાતચીત કરશે. સિંહે કહ્યું હતું કે, મમતા બેનર્જી એક વખતે કોંગ્રેસ પક્ષના સન્માનિત સભ્ય રહી ચુક્યા છે.મમતા યુપીએ સરકારમાં પરત ફરે તેવી ઈચ્છા અમે રાખી રહ્યા છીએ. સિંહે કહ્યું હતું કે, કોંગ્રેસ જેવી વિચારધારા ધરાવતા અન્ય રાજકીય પક્ષોને સાથે લેવાના પ્રયાસ પણ કરવામાં આવશે. બિનસાંપ્રદાયિક પક્ષોને એક મંચ ઉપર લાવવાના અગાઉ પણ પ્રયાસ થયા છે. મનમોહનસિંહના આજના નિવેદનને રાજકીય વર્તુળોમાં ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

## ડાન્સ બાર પર પ્રતિબંધ સંદર્ભે નિર્ણયને લઈ મહારાષ્ટ્ર મક્કમ

મુંબઈ,તા. ૭

મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં ડાન્સ બાર પર પ્રતિબંધ મુકવાના તેના નિર્ણય પર મક્કમ હોવાનો પુનરોચ્ચાર કર્યો છે. સરકારે કહ્યું છે કે આ મામલે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહી. ગૃહ પ્રધાન આરઆર પાટિલે કહ્યું છે કે રાજ્યમાં ડાન્સ બાર પર પ્રતિબંધ રહે તેની ખાતરી કરવા એડવોકેટ જનરલ દ્વારા તૈયાર કરવામાં આવેલા મુસદ્દાની નકલ તેમના વિભાગને મળી ગઈ છે. આ મુસદ્દાની નકલ સંબંધિત વિભાગોને મોકલી દેવામાં આવી છે. જેમાં શહેરી વિકાસ, શ્રમ અને મહિલા તેમજ બાળ કલ્યાણ વિભાગોને સુચના આપી દેવામાં આવી છે. પાટિલે કહ્યું હતું કે તમામ ગ્રુપના નેતાઓની ટુંકમાં બેઠક મળનાર છે. જેમાં રાજ્યમાં ડાન્સ બાર પર પ્રતિબંધ મુકવા સાથે સંબંધિત વટહુકમ જારી કરવામાં આવશે. વટહુકમ જારી કરવામાં કેટલો સમય લાગશે તે અંગે પુછવામાં આવતા પાટિલે કહ્યું હતું કે હાલમાં આ પ્રશ્નનો જવાબ આપવાની બાબત સરળ દેખાઈ રહી નથી. પરંતુ શક્યત તેટલી વહેલી તકે આ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે જો જરૂર પડશે તો ડીએફ સરકાર ફાઈળ સ્ટાર હોટેલોને જારી કરવામાં આવેલા ડાન્સ બાર લાયસન્સને પરત ખેંચી લેવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ડાન્સ બાર પર પ્રતિબંધ મુકવાના મહારાષ્ટ્ર સરકારના આદેશને રદ કરવાના મુંબઈ હાઈ કોર્ટના આદેશને સુનાવણી ચલાવતી વેળા યોગ્ય ઠેરવ્યો હતો.

## મોદી મુખ્યમંત્રી તરીકે સેવા કરે : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ, તા. ૭

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ આજે ફરી એકવાર ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, મોદીને ૨૦૧૭ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા કરવા દેવાની ભાજપે તક આપવી જોઈએ. મોદીને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ ચાલુ રહેવા દેવા જોઈએ. પક્ષના મુખપત્ર સામનામાં તંત્રી લેખમાં ઠાકરેએ કહ્યું છે કે, નરેન્દ્ર મોદી જાહેરમાં કહી ચુક્યા છે કે, તેઓ વડાપ્રધાન પદની મહત્વકાંક્ષા ધરાવતા નથી. મોદીને ૨૦૧૭ સુધી ગુજરાતમાં શાસન કરવા માટે જનમત મળ્યો છે. રાજ્યના લોકોની મોદી સેવા કરતા રહે તે જરૂરી છે. શિવસેનાએ હજુ મોદીના વડાપ્રધાન પદની ઉમેદવારી અંગે કોઈપણ વલણ અપનાવ્યું નથી.

## ગરીબ અને મધ્યમ વર્ગને આકર્ષિત કરવા કેન્દ્ર સરકાર દ્વારા વધુ એક સ્કીમ

### ૨.૫ કરોડ મોબાઈલ ફોન અને ૯૦ લાખ ટેબલેટ મફતમાં આપવાની યોજના

નવી દિલ્હી,તા. ૭

ગરીબ અને મધ્યમ વર્ગને આકર્ષિત કરવા માટે વધુ એક મેગા સ્કીમ ઉપર ગણતરી કેન્દ્ર સરકાર દ્વારા ગણતરી હાથ ધરવામાં આવી ચૂકી છે જેના ભાગરૂપે કેન્દ્ર સરકાર ૨.૫ કરોડ મોબાઈલ ફોન અને ૯૦ લાખ ટેબલેટ મફતમાં આપવાની યોજના ધરાવે છે. આ સ્કીમ ઉપર ૭૮૬૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવાની યોજના તૈયાર થઈ રહી છે. વર્ષ ૨૦૧૪-૧૫થી શરૂ થતાં આગામી ચાર વર્ષના ગાળામાં લોકોને લાભ આપવાના હેતુસર સ્કીમ તૈયાર કરવામાં આવી છે. દેશમાં ડિજિટલ સુવિધાથી લોકોને સજ્જ કરવા આની પાછળનો હેતુ છે. જાણકાર સૂત્રોએ કહ્યું છે કે મોબાઈલ ફોન બે વર્ષ સુધી ફ્રી કનેક્શન ચાર્જ સાથે આપવામાં આવશે. ૩૦૦ રૂપિયાનો વન ટોકટાઈમ ચાર્જ ચૂકવનાર યૂઝરને ૩૦ મિનિટનો ટોક ટાઈમ પણ મળશે. ૩૦ ટેક્સ્ટ મેસેજો મળશે અને દર મહિને ૩૦ એમબી ડેટા યુઝ મફતમાં મળશે. આ સ્કીમ ગ્રામીણ વસ્તી સુધી મર્યાદિત રાખવામાં આવશે. આવી જ રીતે ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને ટેબલેટ આપવામાં આવશે. આમા ગ્રામીણ અને શહેરી વિસ્તાર બંનેના ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે. આ ગેજેટમાં બે વર્ષ સુધી ફ્રી ડેટા કાર્ડ કનેક્શન આપવામાં આવશે. મળેલી માહિતી મુજબ આ દરખાસ્ત ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિ કોમ્યુનિકેશન દ્વારા ટેલિકોમ કમિશનને મોકલી દેવામાં આવી છે.

કમીશનની મંજૂરી મળી ગયા બાદ આ યોજના કેન્દ્રીય કેબિનેટ સમીતિ સમક્ષ જશે. આ કાર્યક્રમ સરકાર તરફથી ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા અમલી બનાવવામાં આવશે. પ્રથમ વર્ષે ૨૫ લાખ મોબાઈલ ફોન અને ૧૫ લાખ ટેબલેટ ક્રમશ ૩૯૫ કરોડ અને ૭૭૨.૫ કરોડના ખર્ચે આપવામાં આવશે. બીજી વર્ષમાં આ ડિપાર્ટમેન્ટ ૫૦ લાખ ફોન અને ૩૫ લાખ ટેબલેટ ક્રમશ ૮૮૦ કરોડ અને ૧૮૫૮.૭૫ કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવશે. ત્રીજા વર્ષમાં ૭૫ લાખ લોકોને ફોન મળશે જેની પાછળનો ખર્ચ ૧૩૬૫ કરોડ રૂપિયા રહેશે. ૪૦ લાખ વિદ્યાર્થીઓને ૨૧૯૧.૨૫ કરોડના ખર્ચે ફ્રી ટેબલેટ અપાશે. ચોથા વર્ષે ફ્રી ટેબલેટ કાર્યક્રમની પૂર્ણાહૂતિ થશે પરંતુ ડેટા કાર્ડ કનેક્શન માટે સર્વિસ પૂરી પાડવામાં ૧૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ વિભાગ બાકીના હેન્ડસેટ આપવા માટે ૧૮૫૦ કરોડનો જંગી ખર્ચ કરશે. એડમીનીસ્ટેટીવ અને ડિસ્ટ્રીબ્યુશન ચાર્જ (દરેક મોબાઈલ ફોન માટે) ૩૨૦ રૂપિયા રહેશે જ્યારે ટેબલેટ માટેનો ચાર્જ ૯૦૦ રૂપિયા રહેશે. ટેબલેટના કેસમાં લાભ મેળવનારને બે વર્ષના મહત્તમ ગાળા માટે સાધન અને ડેટા કનેક્ટીવિટી મળશે. સ્કૂલમાં અભ્યાસના ગાળા દરમિયાન આ સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવશે.બીજી બાજુ ટેબલેટ માટે સરકારી સ્કૂલમાં અભ્યાસ કરતા ધો. ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને આવરી લેશે. વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલી માર્ગદર્શિકાને પહોંચી વળનારને જ આ સુવિધા મળશે. આ કાર્યક્રમને લઈને ઘણી ઉત્સુકતા દેખાઈ રહી છે. કારણ કે મોટી સંખ્યામાં લોકોને ફાયદો થશે. મનરેગા હેઠળ આવરી લેવાયેલા પરિવાર પૈકી એકને આ લાભ મળશે. મોબાઈલ ફોન માટે પણ આવી જ સુવિધા ઉપલબ્ધ કરાવાશે. સરકારની નવી ગણતરી શરૂ થઈ ચૂકી છે.

## લાઈફ સ્ટાઈલના રોગોથી છ ટ્રિલિયન ડૉલરનો જંગી ખર્ચ

નવી દિલ્હી,તા. ૭

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે લાઈફ સ્ટાઈલ જુદા જુદા રોગોના પરિણામ સ્વરૂપે ભારત ઉપર છ ટ્રિલિયન ડૉલરથી વધુનો ખર્ચ થાય છે. નવા અભ્યાસમાં આ મુજબનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આરોગ્યને લઈને નબળું ચિત્ર ઉપસી આવ્યું છે. નોન કોમ્યુનિકેબલ ડિસીઝ (એનસીડી)ના કારણે થતાં આર્થિક નુકસાન અંગેના અભ્યાસમાં હાર્ડવર્ડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારતમાં આ પ્રકારની બિમારીઓના પરિણામ સ્વરૂપે આર્થિક બોજ વર્ષ ૨૦૧૨-૩૦ વચ્ચેના ગાળામાં ૬.૨ ટ્રિલિયન ડૉલરની આસપાસ રહેશે. આ આંકડો અગાઉના ૧૯ વર્ષ દરમિયાન કુલ આરોગ્ય ખર્ચ કરતા પણ આશરે નવ ગણો વધારે છે. ૧૯ વર્ષમાં આ આંકડો ૭૧૦ અબજ ડૉલરની આસપાસ રહ્યો છે. એનસીડીના રોગમાં હાર્ટ રોગ અને સ્ટ્રોકનો પણ સમાવેશ થાય છે. ડાયાબિટીસ, કેન્સર અને શ્વાસ લેવાની તકલીફ સાથે સંબંધિત રોગ સામેલ છે. પુખ્તવયના લોકોમાં આ બિમારીના કારણે મોતનો આંકડો પણ વધ્યો છે. હાઈપર ટેન્શનને ઘટાડવા માટેના હેતુસર એક નીતિ પણ બનાવવામાં આવી છે. હાર્ટ એટેક અને સ્ટ્રોક જેવા એનસીડી જેવા મોટા જોખમી પરિબળ માટે હાઈપર ટેન્શન મુખ્ય રીતે જવાબદાર છે.

એનસીડી સાથે સંકળાયેલા મોતના આંકડા અંગે ડબલ્યુએચઓના અહેવાલના આધાર ઉપર આ અભ્યાસના તારણો આપવામાં આવ્યા છે. ચીન વર્ષ ૨૦૧૨-૧૩ના ગાળા દરમિયાન ૨૭.૮ ટ્રિલિયન ડૉલરની રકમનો ખર્ચનો સામનો કરશે જે અગાઉના ૧૯ વર્ષના ગાળા દરમિયાન કુલ આરોગ્ય ખર્ચના બાર ગણાથી વધુ છે. આ રકમ અગાઉ ૨.૨ ટ્રિલિયન ડૉલર હતી. પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ ડૉક્ટર શ્રીનાથ રેડ્ડીએ કહ્યું છે કે એનસીડીની જુદી જુદી રીતે અર્થતંત્ર ઉપર અસર થાય છે. નોન કોમ્યુનિકેબલ રોગ જેમ કે ડાયાબિટીસ, હાર્ટના રોગથી ઘણા મહત્વના વર્ષોને અસર કરે છે. વહેલી તકે નિવૃત્તિ માટે પણ જવાબદાર બને છે.

## રાષ્ટ્રપતિ મુખરજી પૂરી ખાતે જગન્નાથ મંદિરમાં પહોંચ્યા

પૂરી,તા.૭

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આજે વિશ્વપ્રસિદ્ધ જગન્નાથ પુરીમાં ખાસ દર્શન કર્યા હતા. વહેલી સવારે જ રાષ્ટ્રપતિ પહોંચી ગયા હતા અને પૂજામાં ભાગ લીધો હતો. રાષ્ટ્રપતિને કોઈપણ તકલીફ ન પડે તે માટે શ્રદ્ધાળુઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ઓછા શ્રદ્ધાળુઓ મંદિરમાં હતા ત્યારે તેમને દર્શન કરવા કહેવામાં આવ્યું હતું.



રાષ્ટ્રપતિ ભવનના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે પુરીમાં જગન્નાથ મંદિરમાં કરવામાં આવેલી વ્યવસ્થાથી તે ખૂબ જ પ્રભાવિત થયા હતા અને ખુશ પણ થયા હતા. ૨૫મી એપ્રિલના દિવસે અગાઉ તેઓ જગન્નાથ મંદિરમાં ગયા હતા. ચાર મહિનાના ગાળા બાદ તેઓ ફરી પહોંચ્યા હતા. વહીવટી તંત્રને કેટલીક તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. ૧૨મી સદીના મંદિરની તેમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિએ આરક્યુલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવેલી રિનોવેશન કામગીરીમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને આ કામગીરીને નિહાળી હતી. મંદિર વહીવટી તંત્રના અધિકારીઓએ આશા વ્યક્ત કરી છે કે રિનોવેશન કામગીરી ૨૦૧૫માં પરિપૂર્ણ કરી લેવામાં આવશે. મુખરજી ફરી એકવાર જગન્નાથ મંદિરમાં આવવાની ઈચ્છા પણ વ્યક્ત કરી ચૂક્યા છે. આઈઆઈટી ભુવનેશ્વરના કનવોકેશન કાર્યક્રમમાં ભાગ લેવા માટે રાષ્ટ્રપતિ હાલમાં પૂરી પહોંચ્યા છે.

### વન્યસૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

ઉત્તર અમેરિકા અને ત્યાંના ટાપુઓનાં ભાગોમાંથી ૯૦૦ લાખ વર્ષ પહેલાંના ઇક્થયોરીનીસ (Ichthyornis) અને હેસ્પર્નોનીસ (Hesperornis) નામના પક્ષીઓનાં જીવાશ્મિઓ મળી આવ્યા છે. તે જ રીતે ૬૦૦ લાખ વર્ષ પહેલાનાં ડાયટ્રાયમા (Diatryma) નામના પક્ષીના અશ્મિ ઉત્તર અમેરિકા સપાટ વિસ્તારોમાં મળી આવ્યા છે. દક્ષિણ અમેરિકા ભાગમાં ૨૫૦ લાખ વર્ષ પહેલાંના ફોરૂસ્રહાવેક (Phorusrhaces) નામના પક્ષીના જીવાશ્મિ મળ્યા છે.

થોડા સમય પહેલાં ચીનના એક પ્રદેશમાંથી ૧૨૫૦ લાખ વર્ષ પહેલાનું એક ડાયનૌસોરસનું જીવાશ્મિ મળી આવ્યું છે. તેની વિશિષ્ટતા એ છે કે આ ડાયનૌસોરસના માથા, ગળા અને પૂંછડીના ભાગોમાં પીંછા જેવા અણીદાર કાંટા જોવા મળે છે. આના આધારે એવું પણ અનુમાન કરવામાં આવે છે કે ફક્ત પક્ષીઓમાં જ નહીં કેટલાક અન્ય પ્રકારના જીવોમાં પણ પાંખો હતી. ભલે પછી તેનો ઉપયોગ ઉડવા માટે ન થયો હોય. થેરોપોડસ્ (Theropods) આ પ્રકારના ડાયનૌસોર હતા. જેમના શરીર પર પાંખો જેવી રચના હોવા છતાં તેઓ ઉડી શકતા ન હતા.

પેલીપેટ્સ (બતક ચાંચ) નામનું એક સસ્તન પ્રાણી પર પક્ષીની જેમ ઇંડા મુકે છે અને પક્ષી જેવી ચાંચ ધરાવે છે.

આમ પક્ષીઓ, ભૂમિચર સસ્તનો, સરિસૃપો કે જલીય જીવોમાંથી ઉદ્‌ભવ્યા છે કે કેમ? તે રહસ્યનો તાળો ક્યારે મળશે? કહી શકાય તેમ નથી?

## ડુંગળીની કિંમત ટુંકમાં ઘટી જશે : સરકારે ખાતરી આપી

નવી દિલ્હી,તા.૭

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે સરકારના નિવેદનથી રાહત થઈ હતી. સરકારે આજે કહ્યું હતું કે, આગામી ૧૫થી ૨૦ દિવસની અંદર ડુંગળીની કિંમતમાં વધુ ઘટાડો થશે. જુદા-જુદા દક્ષિણી રાજ્યોમાંથી નવા પાકની એન્ટ્રી થયા બાદ ડુંગળીની કિંમતોમાં ઘટાડો થશે. ખાદ્યાન અને ગ્રાહક બાબતોના પ્રધાન કેવી થોમસે કહ્યું હતું કે, ડુંગળીની કિંમતો આગામી ૧૫-૨૦ દિવસમાં ઘટી જશે. નવી પેદાશો કર્ણાટક અને આંધ્રપ્રદેશણાંથી ટુંકમાં આવી પહોંચશે. ડુંગળી અને અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમત અંગે પ્રશ્નોનો જવાબ આપતાં કેવી થોમસે કહ્યું હતું કે, કિંમતોને અંકુશમાં લેવાના પ્રયાસો ચાલી રહ્યા છે. તેમણે કબુલાત કરી હતી કે, જુલાઈ-ઓકટોબરના ગાળા દરમિયાન સામાન્ય રીતે ડુંગળીની કિંમતમાં વધારો થઈ જાય છે. તેમણે એમપણ કહ્યું હતું કે, માર્ચ-જુનની રબી સિઝન દરમિયાન દેશમાં કુલ ડુંગળી પૈકી ૬૦ ટકા ડુંગળીનું ઉત્પાદન થાય છે. બાકીની ડુંગળીનું ઉત્પાદન જાન્યુઆરી-માર્ચના ગાળાની ખરીફ સીઝન દરમિયાન કરવામાં આવે છે. માંગ અને પુરવઠા વચ્ચેના અંતરને દુર કરવા પગલા લેવામાં આવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઘણાં રાજ્યોમાં સંગ્રહખોરી પણ ચાલી રહી છે. ગુજરાત, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને અન્ય કેટલાક રાજ્યોએ ખૂબ અસરકારક પગલા પણ લીધા છે. સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલે ડુંગળીની ઉંચી કિંમતના મુદ્દે ચર્ચાની માંગણી કરી હતી જેના લીધે આ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. ચર્ચાનો જવાબ આપતા થોમસે ઘણાં બધા મુદ્દાઓ ઉપર વાત કરીને કિંમતોને અંકુશમાં લેવાની પણ ખાતરી આપી હતી. સમાજવાદી પાર્ટીએ ડુંગળીના ભાવ અંગે દલીલો કરી હતી.

## સમાચાર ઝલક

- ♥ બેંગ્લોર ગંગરેપમાં અંતે છને આજીવન કારાવાસ.
- ♥ ટોયોટા કોરોલા : દુનિયાની સૌથી લોકપ્રિય કાર.
- ♥ માણેકચોકમાંથી અઢી વર્ષની બાળકીનું અપહરણ બે દિવસ પહેલા ભઠીયાર ગલીમાંથી બાળક ગુમ થયેલ છે.
- ♥ સરકારી પેટ્રોલ-ડીઝલના વપરાશ પર કાપ મુકવાની તૈયારી.
- ♥ વોડાફોનને ઝાટકો-કરોડોનો ટેક્ષ ભરવા સામેની અરજી હાઈકોર્ટે ફગાવી.
- ♥ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તથા ગૃહમંત્રીની હાજરીમાં પુના જેલના કેદી સંજય દત્ત નાચશે.
- ♥ કરન જોહર સહિત ૬ બોલીવુડ હસતીને અંડરવર્લ્ડની ધમકી.
- ♥ કેપ્ટન જવાલા ગુટ્ટા ઈન્ડિયન બેડમિન્ટન લીગ સામે લાલચોળ.
- ♥ હરિયાણાના વયોવૃધ્ધ પૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલાની જામીન અરજી ફગાવાઈ.
- ♥ આશારામના કેસમાં ૧૬ વકીલોની ફોજ રોકાઈ છે.
- ♥ સોનાની આયાત-રૂપિયો ઘટતા કરોડો કારીગરોને માઠી અસર.
- ♥ વીરપુરમાં (જલારામધામ) પંચાયતની બેદરકારીથી ગંદકીના ગંજ-લોકોમાં રોષ.
- ♥ દેશના પ્રથમ મુખ્ય માહિતી કમિશનર બનતા મહિલા દીપક સંધુ.
- ♥ ભારત પાસે પુરતું વિદેશી હુંડિયામણ વડાપ્રધાને સદ્ધરતાની કરેલી જાણ.
- ♥ સચિનનો પુત્ર અર્જુન 'કાંગાલીગ'માં રમશે.
- ♥ ઊભી મોલાત પર કાચા સોના સમાન ઝાપટાથી ખેડૂતો ખુશખુશાલ.
- ♥ શિયાળામાં સ્વેટર-શાલના ભાવ ઠંડી ઉડાડી દેશે. ગરમ વસ્ત્રોમાં ૨૫ ટકા ભાવ વધારો.
- ♥ રીઝર્વ બેન્કના પગલાંથી પ્રોપર્ટીના ભાવ ઘટવાની શકયતા.